# 21 ભગવાનનો ભાગ

**રમેશ પારેખ**
**(જન્મ : 27-11-1940; અવસાન : 17-5-2006)**

કવિ રમેશ મોહનલાલ પારેખનો જન્મ અમરેલીમાં થયેલો. ઈ. સ. 1958 માં પારેખ અને મહેતા વિદ્યાલય, અમરેલીમાંથી મેટ્રિક થયા. ઈ. સ. 1960થી જિલ્લા પંચાયત, અમરેલીમાં નોકરી કરી.

રમેશ પારેખ, સાતમા-આઠમા દાયકાના આપણા નોંધપાત્ર ઉત્તમ ગીતકવિ તરીકે ઊભરી આવ્યા. 'ક્યાં', 'ખડિંગ', 'ત્વ', 'સનનન', 'ખમ્મા આલા બાપુને', 'મીરાં સામે પાર', 'વિતાન સુદ બીજ', 'છાતીમાં બારસાખ', 'સ્વગત પર્વ', 'ચશ્માંના કાચ પર', એ એમના કાવ્યસંગ્રહો છે. 'છ અક્ષરનું નામ'માં એમની ઈ. સ. 1970 થી 1991 સુધીની કવિતા ગ્રંથસ્થ થઈ છે, જ્યારે 'મન પાંચમના મેળામાં'ના ત્રણ ભાગમાં એમની સમગ્ર કવિતા ગ્રંથસ્થ થઈ છે.

લોકગીત-ભજનોની પરંપરાને આત્મસાત્ કરી તેનું અદ્યતન સંવેદનાની અભિવ્યક્તિમાં આગવું રૂપાંતર સાધીને તેમણે કવિતામાં પોતીકો અવાજ ઊભો કર્યો છે. ગીતોમાં તેમની સર્જકતા વિશેષ ઊભરી છે. રમેશ પારેખની કવિતાનું રૂપ રૉમેન્ટિક છે. એટલે જ તેઓ પોતાની ઉત્તમ કાવ્યરચનાઓ દ્વારા લોકપ્રિય થતા રહ્યા છે.

ગીત, ગઝલ તથા અછાંદસમાં રમેશ પારેખની ઊભરાતી સર્જકતાના કારણે નૂતન ઉન્મેષો જોવા મળે છે. રમેશ પારેખે 'હાઉક' 'ચીં' 'બાળસંગ્રહો' આપ્યાં છે ને 'દે તાલ્લી', 'હફરક લફરક' તેમની બાળવાર્તાઓ છે. 'સગપણ એક ઉખાણું' તેમજ 'સૂરજને પડછાયો હોય' એ એમનાં નાટકો છે. આધુનિક ટૂંકીવાર્તાના ક્ષેત્રે પણ તેમણે પદાર્પણ કર્યું હતું. પ્રસંગોપાત ચિંતનલેખો, કાવ્યાસ્વાદો, સંપાદન વગેરેમાંય તેમની કલમ ચાલી છે.

રમેશ પારેખને કુમારચંદ્રક , ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક, નર્મદચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમીનું પારિતોષિક, નરસિંહ મહેતા ઍવૉર્ડ જેવાં સન્માન પ્રાપ્ત થયાં છે.

આ અછાંદસ કાવ્યમાં માનવીની સમગ્ર જીવનયાત્રાનો આલેખ પોતાની આગવી શૈલીથી આપતા કવિ બાળપણથી જીવનના અંતિમ પડાવ તરફની ગતિનો સંકેત કરે છે. આ ગતિ હળવાશથી ગંભીરતા તરફની છે, સરળથી સંકુલ તરફની છે.

બાળપણમાં મિત્રો સાથે બોર, કાતરા, ચીભડાં વીણી તેનો ભાગ પાડવામાં આવે ત્યારે બાળક સામાન્ય રીતે એક ભાગ ભગવાન માટે જુદો કાઢે! બાળકની શ્રદ્ધાને નમન કરવાનું મન થાય. કાવ્યનો ઉત્તરાર્ધ 'પછી મોટા થયા'-થી થાય છે. ઘણું કમાયા, ભેગું કર્યા પછી ભાઈઓ/પરિવારજનો વચ્ચે ઘર-વસ્તુના ભાગ પાડવાની માણસની સ્વાર્થવૃત્તિ બાળકોની નિર્દોષતા સામે ઝાંખી પડે છે. ભગવાનમાં હવે શ્રદ્ધા જ રહી નથી પછી તેનો શાનો ભાગ?! પણ ભગવાન સપનામાં તો આવે ને?! એ તો પોતાનો ભાગ પણ માગે! સદ્કાર્યો વિનાના ખાલી હાથ પાનખરની ડાળી જેવા ઉજ્જડ છે! દુઃખોનાં પર્યાય જેવાં આંસુ ભગવાનને આપવા સિવાય કશું બચ્યું નથી પણ, આ તો ભગવાન છે! એ પીડા આપે છે, તો પ્રેમ પણ આપે છે! ખાલીપાથી ભરેલી કવિની ઉજ્જડતાને એ અજાણ્યા મંત્રથી ભરી દે છે! જિંદગીનાં અડધાં વર્ષો માત્ર પોતાના માટે જ ખર્ચી નાખતા માનવી પાસે ભગવાનને આપવા જેવું કશું જ નથી ત્યારે ભગવાન એના બાકીનાં વર્ષો પોતાના માટે માગી લે છે! માત્ર સ્વહેતુથી જીવતા માણસે જીવનનો ઉત્તરાર્ધ સદ્કાર્યો દ્વારા સમાજસેવામાં ખર્ચવાનો અપ્રગટ સંદેશ કવિએ એમની વિલક્ષણ શૈલીથી આ કાવ્યમાં વહેતો મૂક્યો છે. ઈશ્વરથી દૂર થતા જતા માનવીનું ઈશ્વર સાથેનું પુનઃ અનુસંધાન પણ અહીં જોઈ શકાય.

---

નાનપણમાં બોરાં વીણવા જતા.
કાતરા પણ વીણતા.
કો'કની વાડીમાં ઘૂસી ચીભડાં ચોરતા.
ટેટા પાડતા.
બધા ભાઈબંધો પોતાનાં ખિસ્સામાંથી
ઢગલી કરતા ને ભાગ પાડતા-
-આ ભાગ ટીકુનો
-આ ભાગ દીપુનો
-આ ભાગ ભનિયાનો, કનિયાનો...
છેવટે એક વધારાની ઢગલી કરી કહેતા-
'આ ભાગ ભગવાનનો!'

સૌ પોતપોતાની ઢગલી
ખિસ્સામાં ભરતા,
ને ભગવાનની ઢગલી ત્યાં જ મૂકી
રમવા દોડી જતા.

ભગવાન રાતે આવે, છાનામાના
ને પોતાનો ભાગ ખાઈ જાય-એમ અમે કહેતા.

પછી મોટા થયા.
બે હાથે ઘણુંય ભેગું કર્યું;
ભાગ પાડ્યા-ઘરના, ઘરવખરીના,
ગાય, ભેંસ, બકરીના
અને ભગવાનનો ભાગ જુદો કાઢ્યો?

રબીશ! ભગવાનનો ભાગ?
ભગવાન તે વળી કઈ ચીજ છે?

સુખ, ઉમંગ, સપનાં, સગાઈ, પ્રેમ-
હાથમાં ઘણું ઘણું આવ્યું...

અચાનક ગઈ કાલે ભગવાન આવ્યા;
કહે : લાવ, મારો ભાગ...

મેં પાનખરની ડાળી જેવા
મારા બે હાથ જોયા- ઉજ્જડ.
એકાદ સૂકું તરણુંયે નહીં.
શેના ભાગ પાડું ભગવાન સાથે?
આંખમાં ઝળઝળિયાં આવ્યાં,
તે અડધાં ઝળઝળિયાં આપ્યાં ભગવાનને.

વાહ! - કહી ભગવાન મને અડ્યા,
ખભે હાથ મૂક્યો,
મારી ઉજ્જડતાને પંપાળી,
મારા ખાલીપાને ભરી દીધો અજાણ્યા મંત્રથી.
તેણે પૂછ્યું : 'કેટલાં વરસનો થયો તું?'
'પચાસનો'. હું બોલ્યો.
'અચ્છા...' ભગવાન બોલ્યા : '100માંથી
અડધાં તો તેં ખરચી નાખ્યાં...
હવે લાવ મારો ભાગ !'
ને મેં બાકીનાં પચાસ વરસ
ટપ્પ્ દઈને મૂકી દીધાં ભગવાનના હાથમાં!

ભગવાન છાનામાના રાતે એનો ભાગ ખાય.

હું હવે તો ભગવાનનો ભાગ બની પડ્યો છું અહીં
જોઉં છું રાહ-
કે ક્યારે રાત પડે
ને ક્યારે આવે છાનામાના ભગવાન
ને ક્યારે આરોગે ભાગ બનેલા મને
ને ક્યારે હું ભગવાનનાં મોંમાં ઓગળતો ઓગળતો...

### શબ્દાર્થ

**બોરાં** ચણીબોર **કાતરા** આમલીનાં ફળ **ટેટા** વડનાં ફળ **ઘરવખરી** ઘરને લગતો સરસામાન, રાચરચીલું **રબીશ (અં.)** અર્થહીન, વાહીયાત વાત **પાનખર** એક ઋતુ (મહા, ફાગણ) **ખરચી નાખ્યાં** વાપરી નાખ્યાં **ઉજ્જડ** ઉજ્જડતા, ખાલીપો, એકલતા

### રૂઢિપ્રયોગ

**ઝળઝળિયાં આવવાં (-વી જવાં)** આંખમાં આંસુ આવી જવાં, ભાવવશ થઈ રડવું આવવું

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) શૈશવમાં કવિ મિત્રો સાથે શેનો ભાગ પાડતા ?

(2) વધારાની ઢગલી કોના માટે રહેતી ?

(3) ભગવાન પોતાનો ભાગ ખાવા ક્યારે અને કેવી રીતે આવતા ?

(4) મોટા થયા પછી શાના-શાના ભાગ પાડ્યા હતા ?

(5) ભગવાને સપનામાં આવી શું કહ્યું ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો :**

(1) બાળપણમાં કવિ મિત્રો સાથે શું શું કરતા હતા ?

(2) બાળપણમાં અને મોટા થયા પછી પાડવામાં આવેલા ભાગમાં શો તફાવત છે ?

(3) કવિ કોનો ભાગ જુદો કાઢવાનું ચૂકી ગયા ? શા માટે ?

(4) કવિ પોતાના હાથને ‘પાનખરની ડાળી જેવા’ શા માટે કહે છે ?

(5) કવિએ ભગવાનને ભાગમાં શું આપ્યું ? શા માટે ?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) ‘ભગવાનનો ભાગ’ કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

(2) ‘ભગવાનનો ભાગ’ કાવ્યને આધારે જીવનની બે અવસ્થાની તુલના કરો.

(3) ‘મોટા થવાની સાથે જ ઈશ્વર હાંસિયામાં ધકેલાઈ જાય છે’- આ વિધાનની યથાર્થતા કાવ્યને આધારે તપાસો.

### વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમારા બાળપણ વિશે નોંધ લખો.
- તમે કરેલું એક સારું કાર્ય વર્ણવો.
- રમેશ પારેખનાં ત્રણ ગીતો નોંધો.

### ભાષા-અભિવ્યક્તિ

શીર્ષક ‘ભગવાનનો ભાગ’ છે, કાવ્યના પણ બે ભાગ પડે છે તેમ કવિના જીવનના પણ બે ભાગ છે. બાળપણ અને મોટપણ.

અહીં બોરનું બહુવચન ‘બોરાં’ તળપદા શબ્દનો ઉપયોગ થયો. અહીં ઘણી પંક્તિઓને અંતે જુદાં જુદાં ચિહ્નો જોઈ શકશો તે શા માટે પ્રયોજાયાં છે તે વિચારો. ઢગલાને બદલે ઢગલી શબ્દનો પ્રયોગ ઓછપ બતાવે છે તે છતાં ભગવાનને તેનો ભાગ મળે છે.

- આ ભાગ ટીકુનો<br>
- આ ભાગ દીપુનો<br>
- આ ભાગ ભનિયાનો...’

એમ ગુરુરેખાવાળી પંક્તિઓને દોહરાવીને જાણે ભાગ પડી રહ્યો હોય તેવું દૃશ્ય ખડું કર્યું છે.

‘બે હાથે ઘણુંય ભેગું કર્યું; ...’<br>
...હાથમાં ઘણું ઘણું આવ્યું’

મોટપણમાં ઘણું ઘણું છે છતાંય ભગવાનનો ભાગ નથી પડતો. ‘બે હાથે’ અને ‘હાથમાં’ બંનેની અર્થછાયાઓ અલગ-અલગ છે એ તમારા ધ્યાનમાં આવશે.

મેં પાનખરની ડાળી જેવા<br>
મારા બે હાથ જોયા - ઉજ્જડ’

અહીં ઉપમા સરસ છે પણ છેલ્લે ગુરુવિરામ પછી ‘ઉજ્જડ’ શબ્દ વિષાદને ઘેરો બનાવે છે.

### શિક્ષક પ્રવૃત્તિ

- આ કાવ્યનું નાટ્યરૂપાંતર કરી, વર્ગમાં ભજવો.
- વિનોબા ભાવેની સર્વોદયપાત્રની વિભાવના સમજાવો.

•